**DATE: 05/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આરોપીઓ નવા પુનગામના રહેવાસી હતા

# બોઈદ્રા ગામમાં હાઈટેન્શનના સામાનની ચોરીમાં બે ઝબ્બે

ભાસ્કરન્યૂઝ|અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના બોઈદ્રા ગામની સીમમાં હાઈ ટેન્શન લાઈન ના ટાવર ની ચાલતી કામગીરી દરમ્યાન ખેતર માં મુકેલા 3 લાખ ના સામાન થયેલી ચોરીમાં એ ડિવિઝન પોલીસે નવા પુનગામના બે ઈસમોને ઝડપી પાડયાં છે. બોઈદ્રા ગામની સીમમાં હાઈ ટેન્શન લાઈનના ટાવર ની કામગીરી ચાલી રહી છે. ટાવરમાં લગાવવામાં વપરાતો અલગ અલગ સામાન ખેતરમાં મુક્યો હતો.જે સામાન માં લોખંડ ની પ્લેટો અને નટ બોલ્ટ ની તસ્કરો ચોરી કરી ગયા હતા જે અંગે પાવર લાઈન પ્રોજેક્ટ ના કર્મચારી સંજીતસિંહે એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે 3 લાખના નટ બોલ્ટ અને લોખંડની પ્લેટો સહીતના સામાન ની ચોરીનો ગુનો નોંધી તપાસ શરુ કરી હતી. માહિતીના આધારે એ ડિવિઝન પોલીસે નવાપુનગામ ગામના રાજેશ વસાવા અને રાજુ વસાવાની અટકાયત કરી હતી. પોલીસે તેઓ પાસેથી ચોરાયેલા સામાન પૈકી નટ બોલ્ટ નો જથ્થો તેમજ પ્લેટો કબ્જે કરી અન્ય ચોરાયેલો સામાન રિકવર કરવાની તજવીજ હાથ ધરી છે.

**DATE: 06/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-11**

# ભરૂચની ભીડભંજન ખાડીમાં 4 જુગારી ઝડપાયા

ભરૂચ: ભરૂચ પોલીસે ભીડભંજનની ખાડીમાં હનુમાનજી મંદિર પાછળ ખુલ્લામાં ચાર ઈસમોને પત્તાં-પાનાં વડે જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ આકીબ મોહંમદ ફરીફ શેખ (ઉ.વ.34) (રહે., સિપાઈવાડ મદીના હોટલ પાસે ભરૂચ), બળદેવભાઈ ગોવિંદભાઈ જાદવ (ઉ.વ.43 રહે. લીમડીચોક બી ડિવિઝન સામે ભરૂચ), વિશાલ ટીનાભાઈ વસાવા (ઉ.વ.24) (રહે., આલી માતરીયા તળાવ ઝૂપડપટ્ટી, ભરૂચ) અને અનિલ રાજુભાઈ માછી (ઉ.વ.20 રહે. વેજલપુર, માછીવાડ, ભરૂચ) પાસેથી અંગ ઝડતીનાં રૂ.4590, દાવ પરના રોકડા રૂ.500, બે મોબાઈલ ફોન રૂ.10 હજાર અને બે મોટરસાઈકલ રૂ.60 હજાર મળીને કુલ રૂ.75,090નો મુદ્દામાલ કબજે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો છે.

**DATE: 06/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પુનગામના સ્થાનિક યુવાનોએ ચોરી કરી હોવાનું સામે આવ્યું

# બોઈદરા ગામે ટાવરના સામાનની તસ્કરીમાં વધુ 6 આરોપી સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના બોઈદ્રા ગામની સીમમાં હાઈટેન્શન લાઈનના ટાવરની ચાલતી કામગીરી દરમિયાન ખેતરમાં મુકેલા 3 લાખના સામાનની થયેલી ચોરીમાં એ ડિવિઝન પોલીસે નવા પુન ગામના 6 ઈસમોને ઝડપી પાડયાં છે.

બોઈદરા ગામની સીમમાં હાઈ ટેન્શન લાઈનના ટાવરની કામગીરી ચાલી રહી છે. ટાવરમાં લગાવવામાં વપરાતો અલગ અલગ સામાન ખેતરમાં મુક્યો હતો જે સામાનમાં લોખંડની પ્લેટો અને નટ બોલ્ટ ની તસ્કરો ચોરી કરી ગયા હતાં. પોલીસે રૂપિયા 3 લાખ ના નટ બોલ્ટ અને લોખંડની પ્લેટો સહીતના સામાનની ચોરી અંગેનો ગુનો નોંધી તપાસ શરુ કરી હતી. તે દરમિયાન મળેલી માહિતીના આધારે એ ડિવિઝન પોલીસે બોઈદરા ગામની સીમમાંથી નવા પુન ગામ ગામના રાજેશ વસાવા, રાજુ વસાવા, કૌશલ વસાવા, અક્ષય વસાવા, સંજય વસાવા અનેવિશાલ વસાવા ની અટકાયત કરી હતી અને પોલીસે તેઓ પાસે થી ચોરાયેલા નટ-બોલ્ટ નો જથ્થો તેમજ પ્લેટો સહિતનો સામાન રિકવર કર્યો હતો.

ભરૂચ જિલ્લામાં હાલમાં અનેક પ્રોજેકટની કામગીરી ચાલી રહી છે ત્યારે ત્યાં મુકવામાં આવેલા સરસામાનની ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે. ટાવરના સામાનની ચોરીમાં સ્થાનિક યુવાનોની સંડોવણી જ બહાર આવી છે.


**DATE: 07/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસ કર્મચારીઓએ પોતાના હાથમાં કુહાડી લઈને વૃક્ષની ડાળીઓ કાપવાનું શરૂ કર્યું

# મક્તમપુરમાં વૃક્ષ તૂટી પડતાં માર્ગ બંધ થયો, પોલીસના જવાનો કુહાડીઓ લઈ કામે લાગ્યાં

ભાસ્કર ન્યુઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં સાંજના સમયે તીવ્ર પવન સાથે આવેલા વાવાઝોડાએ ભારે નુકસાન પહોંચાડ્યું છે. કાળા ડિબાંગ વાદળો સાથે શરૂ થયેલા વરસાદે શહેરના અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવી નાખ્યો હતો.મકતમપુર વિસ્તારમાં એક વૃક્ષ રસ્તા પર પડી જતાં વાહન વ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. આ અંગેની જાણ થતાં જ સી ડિવિઝન પોલીસ મથકમાં નવા આવેલા પીઆઈ એ.વી.પાણમિયા પોતાની ટીમ સાથે



તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.પીઆઈ સહિતના પોલીસ કર્મચારીઓએ પોતાના હાથમાં કુહાડી લઈને વૃક્ષની ડાળીઓ કાપવાનું શરૂ કર્યું હતું. આ કામગીરીમાં ભાજપના જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદી અને તેમની ટીમે પણ સહયોગ આપ્યો હતો. સૌના સહિયારા પ્રયાસથી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો અને વાહન વ્યવહાર પુનઃ શરૂ કરવામાં આવ્યો હતો. ત્યાંથી પસાર થતા નાગરિકોએ પોલીસની તત્પરતા અને સેવાભાવી કાર્ય માટે પ્રશંસા કરી હતી. વાવાઝોડાની અસરથી શહેરના અન્ય વિસ્તારોમાં પણ વૃક્ષો અને વીજ થાંભલાઓ ધરાશાયી થયા હોવાના અહેવાલ છે.

**DATE: 07/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બૂટલેગરને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો

# હાંસોટની ખંડેર દુકાનમાંથી 1.73 લાખનો દારૂ ઝડપાયો

**ભાસ્કર ન્યૂઝ | ભરૂચ**

ભરૂચ એલસીબી પોલીસે હાંસોટ ગામેથી બાતમીને આધારે 1.73 લાખનો ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડી બુટલેગરને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ભરૂચ એલસીબી પોલીસ હાંસોટ વિસ્તારમાં પેટ્રોલિંગમા હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ શ્રીપાલસિહને બાતમી મળી હતી કે અબ્દુલ રજ્જાક રફીક કાનુગાએ પોતાના આર્થિક ફાયદા માટે વેચાણ કરવા માટે ગેરકાયદેસર ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂનો જથ્થો હાંસોટ મોટા બજારમાં આવેલ ઈલેક્ટ્રીક દુકાન સામે આવેલ ખંડેર દુકાનમાં બીજા માળે સંતાડ્યો છે. બાતમીને આધારે પોલીસે રેડ કરતા ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ 819 કિ.રૂ 1,73,340 નો મૃદામાલ જપ્ત કરી દારૂ સંતાડનાર અબ્દુલ રજ્જાક રફીક કાનુગાને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 07/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### પશુને લાવી અવાવરુ જગ્યાએ ક્રૂરતાપૂર્વક બાંધી હતી

# સુરતમાં ગૌવંશ કતલનાં ગુનાનો આરોપી આમોદથી ઝડપાયો

ભાસ્કર ન્યુઝ | જંબુસર



સુરત ગ્રામ્ય પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા ફરતા આરોપી મુસ્તાક ઉર્ફે મુન્નો જલુભા પઠાણ રહેવાસી આમોદ તાલુકાનું ઈખર ગામ જિલ્લો ભરૂચ ના આરોપી ને આમોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર બી કરમતીયા તેમજ ટીમે ધરપકડથી નાસ્તા ફરતા આરોપી ઝડપી પાડી તેના વિરોધ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીની મોડસ ઓપરેન્ડી એવી છે આરોપી ગૌ વંશ પશુઓને લાવી અવાવરૂ જગ્યાએ ક્રૂરતાપૂર્વક બાંધી રાખી કતલ કરી ગૌમાંશ નું ગેરકાયદેસર વેચાણ કરતો હતો.

**DATE: 08/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-06**

## અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ગુમ/ચોરી થયેલા મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા



અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ દ્વારા કેન્દ્ર સરકારના સી.ઈ.આઈ.આર. પોર્ટલના માધ્યમથી ગુમ થઈ ગયેલા મોબાઈલ ફોન એક્ટિવ થતાં તેને ટ્રેસ કરી મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા છે. પોલીસે રૂ.1.75 લાખની કિંમતના 8 ફોન મૂળ માલિકોને કરવામાં સફળતા મેળવી હતી. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ દ્વારા વર્ષ-2025માં અત્યાર સુધી રૂ.4.57 લાખની કિંમતના 27 મોબાઈલ મૂળ માલિકોને પરત આપ્યા હતા.

**DATE: 08/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# સાહોલમાંથી જુગારીયા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

હાંસોટ તાલુકાના સાહોલ ગામની નવીનગરીમાંરહેતો અલી કરીમ સૈયદ પોતાના ઘરમાં જુગારનો અડ્ડો ચલાવતો હોવાની બાતમી મળતાં પોલીસે દરોડો પાડયો હતો. જેમાં સુરત અને હાંસોટ તાલુકાના5 જુગારી જુગાર રમતા ઝડપાઈ ગયા હતા જયારે સાહોલના જ જગદીશ પટેલને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે અંગઝડતીઅને દાવ પર લાગેલા રોકડ રૂપિયા 42 હજાર તથા 6 મોબાઈલ મળી કુલ 1.02 લાખ રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 08/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પીકઅપ ગાડી સહિત કુલ 3.17 લાખનો મુદ્દામાલ જપ્ત, 3 વોન્ટેડ જાહેર

# પાલેજમાંથી જેટકોના 700 કિલો વાયરની ચોરી કરનારા 2 આરોપી ગોધરાથી ઝડપાયા

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

પાલેજ જીઆઈડીસીમાં આવેલા જેટકોના સબ સ્ટેશનમાંથી 1.17 લાખની કિંમતના 700 કિલોથી વધારે એલ્યુમિનિયમ વાયરની ચોરી થઈ હતી. આ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી પોલીસે બે તસ્કરને ગોધરાથી ઝડપી પાડયાં છે જ્યારે એકને વોન્ટેડ જાહેર કરાયો છે. આરોપીઓ પાસેથી પીકઅપ ગાડી સહિત કુલ 3.17 લાખનો મુદ્દામાલ રીકવર કરાયો છે.

પાલેજ જીઆઈડીસી વિસ્તારમાં આવેલ જેટકો લિમિટેડ સબ સ્ટેશનમાં એક દિવસ અગાઉ ખુલ્લી જગ્યામાં રાખેલ એલ્યુમિનિયમ વાયરની ચોરી થતાં કંપનીના અધિકારીએ પાલેજ પોલીસ મથકે 1.17 લાખના વાયરની ચોરીની ફરીયાદ નોંધાવી હતી. પીઆઈ કોમલ વ્યાસ તથા તેમની ટીમે ગુનાના સ્થળની મુલાકાત લીધી હતી. બાદમાં વિવિધ ટીમો બનાવી ઘરફોડની આરોપીઓના પગેરું મેળવવા હ્યુમન સોર્સીસ અને ટેકનિકલ સર્વેલન્સ તેમજ અંગત બાતમીદારોની મદદ લીધી હતી. જેમાં ચોરીમાં સંડોવાયેલા બે આરોપી ગોધરા ખાતે હોવાની બાતમી મળતાં દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં ગોધરાના ડબ્બા ફળિયામાંથી ખાલીદ ઉર્ફે ડાગરી તથા વેજલપુર રોડ પરથી ઈસ્હાક ઈસ્માઈલ શકલાને ઝડપી પાડયાં હતાં. તેમની પાસેથી 700 કિલો વાયર તથા એક પીકઅપ ગાડી મળી આવી હતી. ચોરીમાં સંડોવાયેલાં ઈરફાન ઉર્ફે લાલીયો, સલમાન ભોભા અને અંકિત ઉર્ફે અકકી ફરાર હોવાથી તેમને ઝડપી પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

**DATE: 08/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આંબોલીની સર્વોદય સોસા. પાસેથી દબોચ્યો

# દારૂ કેસમાં 5 મહિનાથી ફરાર વલસાડનો સપ્લાયર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાંથી દારૂ ઝડપાવાના પ્રકરણમાં 5 મહિનાથી ફરાર વલસાડના આરોપીને પોલીસે ઝડપી પાડયો છે. સરસ્વતી પાર્ક સોસાયટીમાં રહેતો શાહરૂખ મહેમુદ મન્સૂરીએ સુકાવલી ડમ્પિંગ સાઈટ પાછળ વિદેશી દારૂનો જથ્થો ઉતારેલો હતો ત્યારે પોલીસે દરોડો પાડયો હતો. સ્થળ પરથી પોલીસને 62 હજારનો દારૂ મળી આવ્યો હતો. આ કેસમાં બુટલેગર શાહરૂખ અને આંબોલી ના દિગ્વિજય ચૌહાણને પણ પોલીસે ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં વલસાડના અરશદ ઉર્ફે નવ્વાણું ભુરીયાનું નામ ખુલ્યું હતું.

જે છેલ્લા 5 મહિનાથીપોલીસ ધરપકડ થી ફરાર હતો. આરોપી આંબોલીરોડ પર આવેલ સર્વોદય સોસાયટી પાસે આવ્યો હોવાની ચોક્કસ માહિતી આધારે ભરૂચ એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો અને શહેર પોલીસ ના હવાલે કર્યો હતો. દારૂ સપ્લાયકરવામાં ઝડપાયેલાં આરોપીનું નામ સામે આવ્યું હતું. પોલીસ આરોપીની વધુ પૂછપરછ કરી રહી છે જેમાં વધુ વિગતો બહાર આવશે.

DATE: 09/05/2025 CATEGORY: GREEN
E-PAPER GUJARAT SAMACHAR PAGE-03

# અંકલેશ્વરમાં પ્રોહિબિશનના ગુનામાં ફરાર આરોપીની ધરપકડ

અંકલેશ્વર તા.૮

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ મથકના પ્રોહીબિશનના ગુનામાં ફરાર કુખ્યાત આરોપીની ધરપકડ કરી હતી.

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે પ્રોહીબિશનના ગુનામાં ફરાર આરોપી અરસદ શેખ ઉર્ફે નવ્વાણુ રહે, વલસાડ અંકલેશ્વરના આંબોલી રોડ સવીદય સોસાયટી પાસે હાજર છે જેના આધારે પોલીસે દરોડા પાડી આરોપીને ઝડપી પાડ્યો હતો તેમજ વધુ કાર્યવાહી માટે અંકલેશ્વર એ ડિવિઝન પોલીસને સોંપ્યો હતો.

જાહેર

**DATE: 09/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### આમોદ પોલીસે મલ્લા તળાવ પાસેથી

# પિકઅપમાં પશુઓની હેરાફેરી કરતા શખ્સની ધરપકડ કરાઈ

| ભરૂચ |

આમોદ પોલીસ મથકની ટીમ વાહન ચેકીંગમાં હતી તે વેળા જંબુસર તરફથી એક બોલેરો પિકઅપ આવતા ટીમે તેને શંકાના આધારે રોકી તેની તલાશી લેતા તેમાં ૫ પશુઓને ક્રુરતાપુર્વક ખીચોખીચ ભરેલા હોવાનું જણાયુ હતુ.

પિકઅપ ચાલકે પશુઓ માટે ઘાસચારો કે પાણીની વ્યવસ્થા પણ ન રાખી હતી. જેથી પોલીસે ડ્રાઈવરનું નામઠામ પુછતા તેનું નામ સઈદ અહેમદ ઉમરજી ભુતાવાલા (રહે.મોટા ટંકારીયા) હોવાનું માલુમ પડયુ હતુ. પુછપરછમાં તેમણે જણાવ્યુ હતુ કે, તેઓએ પશુઓ ખરીદીને તેમના તબેલા પર લઈ જઈ રહ્યા હતા. જો કે તેમની પાસે પશુઓના વહન માટે કોઈ પરવાનો ન હોવાનું જણાયુ હતુ. તેમજ તેમણે ઘાસચારો કે પાણીની સગવડ વિના પશુઓની હેરાફેરી કરી ગુજરાત રાજયમાં પશુઓની હેરાફેરી નિયંત્રણ હુકમ ૧૯૭૫ નો ભંગ કરતા તેમની સામે પશુઘાતકીપણાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**પોલીસે પાંચ પશુઓને બચાવ્યા**

**DATE: 10/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### વાહન ચેકિંગ સાથે જીઆઇડીસી વિસ્તારમાં પેટ્રોલિંગ વધાર્યું

# સારંગપુર વિસ્તારમાં પોલીસનું સર્ચ ઓપરેશન, ફૂટ માર્ચ પણ યોજાઈ

**ભાસ્કર ન્યૂઝ** । અંકલેશ્વર / જીઆઈડીસી

ભારત પાક વચ્ચે શરુ થયેલ સંભવિત યુદ્ધ ની તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે હવે આંતરિક સુરક્ષા બાબતે પોલીસ વિભાગ પણ સક્રિય બન્યું છે. અંકલેશ્વર વિભાગીય પોલીસ ના માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ દ્વારા સારંગપુર પર પ્રાંતીય વિસ્તારમાં કોમ્બિંગ સર્ચ શરુ કરાયું હતું. તો વેરિફિકેશન સાથે શંકાસ્પદ ગતિવિધિ કોઈ ની નજરે પડે તો પોલીસ ને ત્વરિત અસર થી જાણ કરવા તાકીદ કરી હતી. વધુ માં પોલીસ દ્વારા જીઆઈડીસી ને જોડાતા તમામ માર્ગો પર વાહન ચેકિંગ શરુ કર્યું હતું. તેમજ અલગ અલગ માર્ગ પર ફૂટ માર્ચ યોજવામાં આવી હતી. ઔદ્યોગિક દ્રષ્ટિએ સંવેદનશીલ ને ધ્યાને લઈ જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવા સાથે ટેક્નિકલ સર્વેલન્સ તેમજ સીસીટીવી દ્વારા નજર રાખવાની કવાયત શરુ કરી હતી.

**DATE: 10/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ભરૂચ શહેરમાં પોલીસ જવાનોની ફ્લેગમાર્ચ યોજાઇ



ભરૂચ : ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે ભરૂચમાં પણ પોલીસ તંત્ર સતર્ક બની ગયું છે. શહેરના એ ડિવિઝન પોલીસ સ્ટેશનની હદમાં શુક્રવારના રોજ ફ્લેગમાર્ચ યોજવામાં આવી હતી. સંભવિત યુધ્ધ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે આ ફ્લેગમાર્ચ યોજવામાં આવી હતી.

**DATE: 10/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### રાજસ્થાનથી ઓપરેટ થતું ખાતું રાજકોટના ગેરજવાળાનું હતું

# અંકલેશ્વરના દંપતીને ડિજિટલ એરેસ્ટ કરનારા રાજકોટના બે શખસ પકડાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ/અંકલેશ્વર

અંકલેશ્વરના નિવૃત્ત દંપતીને ડિજિટલ એરેસ્ટ કરી રૂ.16 લાખ પડાવવાના કેસમાં રાજકોટના અદનાન હૈદરભાઈ અબ્દુલભાઈ મોગલ અને રાહુલ ઉર્ફે રાજ જગદીશભાઈ ઠાકરશીભાઈ જાદવની ધરપકડ કરાઈ છે.

રૂ.2 કરોડના મનીલોન્ડ્રીંગમાં તમે 20 ટકા કમિશન લીધાનું કહી 2 દિવસ ડિજિટલ એરેસ્ટ કરાયા હતા. દિલ્હી સાયબર ક્રાઈમના વિનોય કુમાર તરીકેની ઓળખ આપી ધમકાવી રૂ.16 લાખ ઈન્ડસઈન્ડ બેંકના ખાતામાં જમા કરાવ્યા હતા. આ બેંક ખાતુ રાજકોટમાં ગેરેજ ચાલવતાં યુવકનું હોવાનું બહાર આવતાં ભરૂચ સાયબર પોલીસની ટીમે ખાતાધારક અને તેના મિત્રની ધરપકડ કરી છે.

...અનુસંધાન પાના નં.02 પર

**સ્ક્રિનશોટ લેવા જતાં ફોન કાપી નાખ્યો હતો**



### એકનું બેંક ખાતું હતું, બીજો સૂત્રધારના સંપર્કમાં હતો

- **અદનાન હૈદર મોગલ :** બંસીલાલ ટ્રેડર્સ નામથી ઈન્ડસઈન્ડ બેંકમાં ખાતું ખોલાવ્યું હતું. આ ખાતાને તેના મિત્ર રાહુલ જાદવ મારફતે રાજસ્થાનના એક વ્યકિતને વાપરવા આપ્યું હતું. આ ખાતામાંથી રાજસ્થાનથી ઓનલાઈન ટ્રાન્જેકશન કરાતું હતું. પોતાના એકાઉન્ટ ઉપયોગ કરવા આપવા બદલ રૂ25,000 કમિશન મળવાનું હતું. અદનાને ધો.12 સુધીનો અભ્યાસ કર્યો છે. ગેરેજમાં બાઈક રિપેરિંગનું કામ કરે છે.
- **રાહુલ ઉર્ફે રાજ જાદવ :** રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય કેન્દ્રમાં ઓપરેટર તરીકે એજન્સીમાં પ્રાઈવેટ નોકરી કરે છે. એક્સિસ બેંકમાં લોન ડિપાર્ટમેન્ટમાં છ મહિના નોકરીકરી હતી. બેચરલ ઓફ આર્ટસના ચોથા સેમિસ્ટરમાં અભ્યાસ કરે છે અને રાજસ્થાન ખાતેના તેના મિત્રને એકાઉન્ટ પૂરું પાડવા બદલ તેને રૂ.50 હજાર મળવાના હતા.

**DATE: 10/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# વાલિયા પોલીસે દોઢ મહિનાથી પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ બે આરોપીને ઝડપી પાડ્યા

ભરૂચઃ ભરૂચ જિલ્લાના વાલિયા પોલીસે છેલ્લા દોઢ મહીંનાથી પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ આરોપીઓને ઝડપી લઇને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા દોઢ મહિનાથી નાસતો ફરતો આરોપી સંદિપભાઇ મહેન્દ્રભાઇ વસાવા ડહેલી ગામના બસ સ્ટેશન પાસે હાજર છે, એવી બાતમીને આધારે પોલીસે સ્થળ પર જઇને આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસે આ ઝડપાયેલ આરોપીને ગુના સંબંધે પુછપરછ કરતા તેણે તેના સહ આરોપીનું નામ સરનામું આપતા પોલીસે બીજા આરોપી ભુપેન્દ્રભાઇ ઉર્ફે ભુપો મગનભાઇ વસાવા (રહે. તુણા તા.વાલિયા)ને તેના ઘરે જઇને કોર્ડન કરીને ઝડપી લીધો હતો. બંને આરોપીઓને ઝડપી પાડીને વાલિયા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 10/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

## ભારત-પાકિસ્તાન યુદ્ધની સ્થિતિ વચ્ચે પોલીસ તંત્ર સાવચેત બન્યું





ભારત - પાકિસ્તાન વચ્ચે હાલ યુદ્ધની સ્થિતિ વચ્ચે ભરૂચના દરિયા કાંઠાને સુરક્ષિત કરવા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

# ભરૂચની દરિયાઈ સરહદો પર બંદોબસ્ત ગોઠવાયો

**સુરક્ષા**

### દરિયા કિનારે અને વચ્ચે બોટથી પેટ્રોલિંગ, ડ્રોનથી સ્થિતિનો અંદાજ મેળવાયો

। ભરૂચ ।

ઓપરેશન સિંદુર અંતર્ગત હાલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવુ વાતાવરણ સર્જાયુ છે. આંતરરાષ્ટ્રીય સ્થળે સંવેદનશીલ ગણાતી પાકિસ્તાન સરહદથી નોંધપાત્ર નીકટતા ધરાવતા વિસ્તારોમાં સુરક્ષાને લઈને ખાસ પગલા ભરાઈ રહ્યા છે ત્યારે ભરૂચ જિલ્લા પોલીસે પણ દહેજ તેમજ દહેજ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા તથા આલીયાબેટ સહિતના વિસ્તારમાં ખાસ પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે. યુદ્ધ જેવી સ્થિતિના કારણે દરિયાઈ વિસ્તારમાં રાષ્ટ્રીય સુરક્ષા અંગે સંવેદનશીલતા વધતા દહેજ તેમજ દહેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ગામડાઓને એલર્ટ મોડ પર રાખવામાં આવ્યા છે.

દહેજ પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.બી.ઝાલા, કે.જી.સીસોદીયા, મરીન પોલીસ સ્ટેશનના પીઆઈ બી.એમ. પાટીદાર તેમજ બંન્ને પોલીસ સ્ટેશનના બે પીએસઆઈ, ૫૦ પોલીસ કર્મીઓ દ્વારા દરિયા કિનારે આવેલા વિસ્તારના નર્મદા જેટી, હરીમહારાજ, દિવાદાંડી, પરશુરામ મંદિર, લુવારા, જાગેશ્વર, અંભેટા, સુવા, કોલીયાદ, કલાદરા, વેંગણી વિગેરે દરિયાઈ વિસ્તાર તેમજ રો-રો જેટી, રીલાયન્સ જેટી, એલ. એન.જી.જેટી, અદાણી જેટી, જી.પી.સી.એલ. જેટી, બિરલા જેટીના દરિયાઈ વિસ્તારમાં રીકવિઝીટ બોટ દ્વારા, હથિયારો, બાયોનોક્લીયુર, બોડીવોર્ન કેમેરા, ડ્રોન સાથે સઘન પેટ્રોલીંગ કરી દરિયાઈ માર્ગે અવરજવર પર નજર રાખવા માટે સઘન પેટ્રોલીંગમાં વધારો કરવામાં આવેલ છે. તેમજ આવા સંજોગોમાં દહેજ અને આસપાસના દરિયાઈ વિસ્તારમાં સુરક્ષા સુનિશ્ચિત કરવામાં પોલીસ દ્વારા વિશેષ પગલા લેવામાં આવેલ છે.

### પોલીસે બેઠક યોજી માછીમારોને જરૂરી માર્ગદર્શન આપ્યું

યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે માછીમારો સાથે પોલીસ દ્વારા ખાસ બેઠક યોજી તેમને જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી. તમામ માછીમાર નૌકાઓની નોંધણી અને ઓળખ ચિન્હોની પુષ્ટી કરી મંજૂર નૌકાઓને દરિયા વિસ્તારમાં પ્રવેશ હોવાનું જણાવ્યુ હતુ. પોલીસે દરિયા કિનારાઓના લુવારા, જાગેશ્વર, અંભેટા, સુવા, કોલીયાદ, કલાદરા, વેંગણી, નર્મદા જેટી, હરીમહારાજ, દિવાદાંડી, પરશુરામ મંદિર અને અન્ય દરિયાઈ ગામોમાં પેટ્રોલીંગ વધાર્યું હતુ અને સ્થાનિકો સાથે બેઠક કરી શંકાસ્પદ વ્યક્તિઓ અને વાહનોની માહિતી તુરંત પોલીસ વિભાગમાં કરવામાં આવે તેમ જણાવ્યુ હતુ.

### કંપની અને વસાહતોમાં સુરક્ષા વ્યવસ્થા વધારાઈ

દહેજ ઔદ્યોગિક વસાહત દરિયા કિનારે હોવાથી કંપનીઓ સાથે સંકલન સાધીને સુરક્ષા સંબંધિત ખાસ એસઓપી અમલમાં મુકાઈ છે. કંપનીઓમાં સીસીટીવી મોનીટરીંગ, પરમીશન મુજબ એન્ટ્રી, હાઈએલર્ટ પર સિક્યુરીટી તૈનાત તેમજ કંપનીઓની સુરક્ષા માટે વધુ મજબુત સિક્યુરીટી કરવા માટે સુચનો કરાયા છે. કર્મચારીઓની સુરક્ષા અંગેની ટ્રેનીંગ આપવા અને આજુબાજુમાં કોઈ શંકાસ્પદ ગતિવિધિ જણાય તો પોલીસનુ ધ્યાન દોરવા જણાવ્યુ હતુ.

### દરિયાની અંદર પણ બોટ દ્વારા પેટ્રોલિંગ શરૂ

ભારત-પાકિસ્તાન વચ્ચે હાલમાં યુદ્ધ જેવી સ્થિતિને લઈ ભરૂચ જિલ્લામાં ઔદ્યોગિક એકમો અને દરિયા કિનારો હોવાથી સુરક્ષાને લઈને પોલીસ સતર્ક છે. જિલ્લાના દરિયા કાંઠાના ગામોમાં તેમજ ઔદ્યોગિક એકમોમાં જરૂરી સુચનો આપ્યા છે. દરિયા કિનારે તેમજ અંદર સુધી બોટ દ્વારા પેટ્રોલીંગ કરાઈ રહ્યુ છે. જિલ્લામાં સતત વાહન ચેકીંગ સહિતની કાર્યવાહી કરી કોઈ અનિચ્છનીય બનાવને કોઈ અંજામ ન આપે તે માટે જરૂરી પગલા ભરાઈ રહ્યા છે. (સી.કે.પટેલ-ડીવાયએસપી-ભરૂચ)

**DATE: 11/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ભરૂચમાં જુગાર રમતી બે મહિલા સહિત 3 ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ ઈન્દીરા નગર ઝૂંપડપટ્ટીની ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની બાતમી એ ડિવિઝન પોલીસને મળી હતી. પોલીસે દરોડો પાડતાં ભગવાન વસાવા, મંજુ વસાવા એન રસીદા મુલતાની તીન પત્તીનો જુગાર રમતાં ઝડપાઈ ગયાં હતાં. ત્રણેય પાસેથી 10,900નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ભરૂચ શહેર તથા જિલ્લામાં જુગારની બદી રોકવા માટે એસપી મયુર ચાવડાએ તમામ પોલીસ સ્ટેશનોને કડક કાર્યવાહી કરવા આદેશ કર્યો છે.

**DATE: 11/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# ભરૂચના ભઠિયારવાડમાં 350 કિલો ગૌમાંસ ઝડપાયું, ત્રણની અટકાયત

**ભરૂચ** શહેર પોલીસની કાર્યવાહી, બે આરોપી ફરાર

ભરૂચ: ભરૂચ શહેર પોલીસ સ્ટેશન દ્વારા તા.10મી એપ્રિલ, 2025ના રોજ ભઠિયારવાડ વિસ્તારમાં રઝા મસ્જિદ સામે આવેલા એક મકાનના પાછળની ખુલ્લી જગ્યામાં દરોડો પાડવામાં આવ્યો હતો. સ્થળ પરથી 350 કિલોગ્રામ ગૌમાંસ, કતલ માટે વપરાયેલાં સાધનો અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.13,600નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પકડાયેલા આરોપીઓની ઓળખ મહમંદ સિદ્દીક મહમંદ રસુલ કુરેશી (ઉં.વ.50), ગુલામ શબ્બીર મહંમદ સિદ્દીક કુરેશી (ઉં.વ.29) અને મહંમદ સલમાન મહમંદ સિદ્દીક કુરેશી (ઉં.વ.19) તરીકે થઈ છે, જે તમામ ભઠિયારવાડ, રઝા મસ્જિદ પાસે, ભરૂચના રહેવાસી છે. ફરાર થયેલા આરોપીઓમાં જાબીર ઉર્ફે સદામ મહમંદ ઉમર કુરેશી અને આરીફ ઉમર કુરેશી (બંને રહે., ભઠિયારવાડ)નો સમાવેશ થાય છે. પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું હતું કે જાબીર ઉર્ફે સદામ ટેમ્પોમાં ગાયને લાવ્યો હતો.

ઘટના સ્થળેથી એક સફેદ રંગ ગૌધન મળી આવ્યું હતું. પશુચિકિત્સક ડો.મિતેષ ભાટિયાએ પ્રાથમિક તપાસમાં તે ગાય હોવાની પુષ્ટિ કરી હતી અને જરૂરી સેમ્પલ FSL તપાસ માટે લેવામાં આવ્યાં હતાં. પોલીસે સ્થળ પરથી છરી, કુહાડી; અન્ય નાની છરીઓ, ધાર કાઢવાનો સળિયો, દોરડા અને એક ઈલેક્ટ્રિક વજનકાંટો કબજે કર્યો હતો. ઉપરાંત ત્રણેય પકડાયેલા આરોપીઓ પાસેથી કુલ રૂ.13,600ની કિંમતના ત્રણ મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા હતા. કબજે કરાયેલ 350 કિલોગ્રામ ગોમાંસનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવ્યો છે. પકડાયેલા મકાનનું વીજળી મીટર કુરેશી જી. મુસ્તુફાના નામે હોવાનું જણાયું છે.